सत्यमेव जयते

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૨–૦૫–૨૦૨૫ |
| રજી. તારીખ | : | ૨૨–૦૫–૨૦૨૫ |
| ફેસલ તારીખ | : | ૦૨–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |

**ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું. ધોરાજી.**

**ફોજદારી કેસ નં.૫૮૦/૨૦૨૫**
**આંક–**

ફરીયાદીઃ– શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપીઃ– નૈમીષભાઈ કરમશીભાઈ દોંગા
રહે.શ્રીજીકૃપા,સોમનાથા સોસાયટી,
જેતપુર રોડ,ધોરાજી,તા.ધોરાજી,જી.રાજકોટ.

ગુનોઃ– **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ.**

==================================================

ફરીયાદ પક્ષે – વિદ્વાન એ.પી.પી. શ્રી જે.વી.જોષી
આરોપીપક્ષે – વિ.વ.શ્રી ડી.આર.વૈષ્ણવ

==================================================

## // ચુકાદો //

**૧.** આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૧.૦૨.૨૦૨૫ ના રોજ કલાક–૨૧–૩૭ વાગ્યાના પહેલાના કોઈપણ વખતે મોજે સરદાર ચોક, રાધે મોટર ગેરેજ સામે, ધોરાજી ખાતે આ કામના ફરિયાદીનો દિકરો કશ્યપ પોતાના હવાલાવાળુ મેસ્ટ્રો મો.સા. જેના

આર.ટી.ઓ.નં.જીજે.૦૩.એચ.જે.૦૫૯૬ વાળુ લઈને ધોરાજી, જેતપુર રોડ વછરાજ હોટલથી પોતાના ધરે જતા હતા ત્યારે ધોરાજી સરદાર ચોક, રાધે મોટર પાસે પહોંચતા આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન સ્પ્લેન્ડર મો.સા. જેના રજી. નં.જીજે.૩.સી.ડી.૮૬૭૫ ને પુરઝડપે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી ફરિયાદીના દિકરાના મો.સા. સાથે ભટકાડી હડફેટે લઇ ફરિયાદીના દિકરાને શરીરે તથા હાથ પગમાં ઈજાઓ તથા મુંઢ ઈજાઓ તથા માથાના ભાગે તથા માથાના પાછળના ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી પોતાનુ વાહન મુકી નાસી જઇ આરોપીએ બી.એન.એસ.ની કલમ– ૧૦૬(૧),૨૮૧ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો આચરેલ છે. જે સંબંધે ફરિયાદી અરવિંદભાઇ મુળજીભાઇ અંટાળા નાઓએ ધોરાજી સીટી પોલીસ મથકે ફરિયાદ કરતાં જે ફરિયાદ ધોરાજી પો.સ્ટે. ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૦૨૫૦૦૮૨/૨૦૨૫ થી તા.૨૨.૦૨.૨૦૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરિયાદ હકીકત આધારે ફરિયાદ રજીસ્ટરે લઈ, ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરુરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થતાં અત્રેની અદાલતમાં ધારા–ધોરણસર તે કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીઓને કરવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આ કામના આરોપીની આંક–૦૩ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈનકાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. આથી ફરીયાદપક્ષનો કેસ રજુ કરવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ.

3. સદર કામે ફરીચાદી અને આરોપી વચ્ચે ગુના સંદર્ભે પારિવારીક રીતે અંદરો

અંદર વાતચીત થયેલ હોય અને તે અંગેની વિગતો આંક-૪ વાળી પુરશીસથી બંને પક્ષકારોની સહીઓથી સંયુકત રીતે રજુ થયેલ હોય જેને ધ્યાને લેતા ફરીયાદી તથા આરોપી તરફે સદર કામે -બી.એન.એસ. કલમ- ૧૦૬(૧),૨૮૧ મુજબના ગુન્હાને લગતી આંક-૪ થી પુરસીસ રજુ કરતા આરોપી તથા ફરિયાદીને આંક-૪ વાળી પુરશીસ બાબતે પુછતા તેઓએ તે પુરશીસની વિગતે સ્વૈછીક હકીકતો કબુલતા હોય અને પક્ષકારોએ કબુલ મંજુર હોવાનું જણાવેલ હોય જેથી ફરીયાદી તથા આરોપી તરફે રજુ આંક-૪ વાળી પુરશીસ પરત્વે બી.એન.એસ.કલમ-૩૫૯(૨) અન્વયે મંજુર કરી આરોપીને બી.એન.એસ. કલમ- ૧૦૬(૧),૨૮૧ અન્વયે ઈ.પી.કો. કલમ- બી.એન.એસ. કલમ- ૧૦૬(૧),૨૮૧ મુજબના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આંક-૫ લગત હુકમ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ગુન્હાઓ સબબનો કેસ આગળ ચલાવવા હુકમ કરી પુરાવા રેકર્ડ કરી આગળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી અરવિંદભાઇ મુળજીભાઇ અંટાળાની જુબાની | ૬ |
| ૨ | સાહેદ સોનલબેન કશ્યપભાઇ અંટાળાની જુબાની | ૮ |
| ૩ | સાહેદ શોભનાબેન અરવિંદભાઇ અંટાળાની જુબાની | ૯ |
| ૪ | ત.ક.અ. દડુભાઇ અમરૂભાઇ કરપડાની જુબાની | ૦૯ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૭ |
| ૨ | પંચનામુ | ૧૦ |
| ૩ | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૪ | પી.એમ.નોટ | ૧૨ |
| ૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૬ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મો | ૧૪,૧૫ |
| ૭ | પત્ર | ૧૬ |
| ૮ | પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા | ૧૭,૧૮ |

**૫.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરેલ છે. વધુમાં, આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૬.** ફરિયાદ હકીકત, રેકર્ડમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દા ઓ</u> :–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ગઈ તા.૨૧.૦૨.૨૦૨૫ ના રોજ કલાક–૨૧–૩૭ વાગ્યાના પહેલાના કોઈપણ વખતે મોજે સરદાર ચોક, રાધે મોટર ગેરેજ સામે, ધોરાજી ખાતે આ કામના ફરિયાદીનો દિકરો કશ્યપ પોતાના હવાલાવાળુ મેસ્ટ્રો મો.સા. જેના આર.ટી. ઓ.નં.જીજે. ૦૩.એચ.જે.૦૫૯૬ વાળુ લઈને ધોરાજી, જેતપુર રોડ વછરાજ હોટલથી પોતાના ઘરે જતા હતા ત્યારે ધોરાજી સરદાર ચોક, રાધે મોટર પાસે પહોંચતા આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન સ્પ્લેન્ડર મો.સા. જેના રજી. નં. જીજે.૩.સી.ડી.૮૬૭૫ ને પુરઝડપે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી ફરિયાદીના દિકરાના મો.સા. સાથે ભટકાડી હડફેટે લઈ

ફરિયાદીના દિકરાને શરીરે તથા હાથ પગમાં ઈજાઓ તથા મુંઢ ઈજાઓ તથા માથાના ભાગે તથા માથાના પાછળના ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી પોતાનુ વાહન મુકી નાસી જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ–૧૦૬(૧),૨૮૧ તથા એમ. વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ફરિયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## // <u>કા ર ણો</u> //

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

૯. ફોજદારી પ્રક્રિયાની ન્યાયશાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરીયાદપક્ષે તેનો કેસ સબળ વિશ્વસનીય પુરાવાથી કોઈપણ જાતની શંકારહીત પુરવાર કરવાનો હોય છે જ્યારે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે ફરીયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાપક્ષની છે તે કેસના કોઈપણ તબક્કે ઓછી થતી નથી ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવા પરથી

ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

**૧૦.** સદર કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા ફરિયાદી અરવિંદભાઇ મુળજીભાઇ અંટાળાનાઓને આંક-૬ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાવ તા.૨૧.૨.૨૫ ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘરે હતા ત્યારે તેમના મિત્ર ચંદુભાઇ ભંડેરીનો તેમના ફોનમાં ફોન આવેલો અને તેઓને વાત કરેલ કે તમારા દિકરા કશ્યપનું ધોરાજી જેતપુર રોડ, રાધે મોટર ગેરેજ પાસે અકસ્માત થયેલ છે અને તમે જલદી આવી જાવ. જેથી તેઓ તુરંત જ ધોરાજી જેતપુર રોડ ઉપર આવેલ રાધે મોટર ખાતે ગયેલા ત્યાં તેઓને જાણવા મળેલ કે તેમના દિકરા કશ્યપને તેલી હોસ્પિટલ ધોરાજી ખાતે લઇ ગયેલા છે જેથી તેઓ ધોરાજીતૈલી હોસ્પિટલ ખાતે ગયેલ ત્યારે તેમનો દિકરો દાખલ હતો અને બેભાન અવસ્થામાં હતો અને તેની સારવાર ચાલુ હતી ત્યાં હોસ્પિટલે તેઓને જાણવા મળેલ કે તેમનો દિકરો મેસ્ટ્રો મોટરસાયકલ નં.૦૫૯૬ વાળુ લઇ ધોરાજી આવકરા ચોકડીથી તેમના ઘરે આવતો હતો ત્યારે ધોરાજી સરદાર ચોક, રાધે મોટર પાસે કોઇ મોટરસાયકલ સાથે તેનો અકસ્માત થતા હાલનો બનાવ બનેલો. બાદ થોડી વારમાં ફરજ પરના ડોકટરે તેમના દિકરાનુ અવસાન થયેલ હોવાનુ જાહેર કરેલુ. જેથી તેઓ તેમના દિકરાની મૃત બોડી સંભાળેલી અને પી.એમ. કરવા ધોરાજી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી બાદ તેમના ઘરે જઇ અંતિમ સંસ્કાર કરેલા. બાદ બીજા દિવેસ તેઓએ બનાવ સંબધે ફરિયાદ આપેલી. તેમના દિકરાના સ્કુટર સાથે કયા વાહનનો અકસ્માત થયેલો, તેના નંબર શું હતા કે તેના ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી. તેઓએ ફરિયાદ આપ્યા બાદ પણ આજદિન સુધી

તેઓને તેનો ચાલક કોઈ હતો તેની ખબર નથી. તેઓએ ફરિયાદ આપ્યા બાદ પણ આજદિન સુધી તેમને તેનો ચાલક કોણ હતા તે તેઓને જાણવા મળેલ નથી. આજરોજ કોર્ટમાં હાજર આરોપીને તેઓ ઓળખતા નથી કે આ અગાઉ તેઓએ કયારેય તેઓને જોયેલ નથી. તેમને યાદ કરાવવા છતાં કોઇ વિશેષ હકીકત યાદ આવતી નથી. બનાવ સબંધે પોલીસે તેમની કોઇ વિશેષ પુછપરછ કરેલ નથી કે તેઓએ આથી વિશેષ કોઇ હકીકત પોલીસને લખાવેલ નથી.સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદી ની ઉલટતપાસ કરતા ફરિયાદ હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીના વિ.વ.શ્રીએ સાહેદની કરેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતો જણાવે છે કે, " એ વાત ખરી છે કે મારે આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે, કહેવાતો અકસ્માતનો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં કોઈ વાહનનુ નામ, તેનો નંબર કે તેના ચાલકનુ નામ લખાવેલ નથી કે આજદિન સુધી મને જાણવા મળેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ તેથી વિશેષ કોઇ હકીકત મે પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માતના બનાવ સબંધે પોલીસે મારી કોઇ આઈડેન્ટીફીકેશન પરેડ કરાવેલ નથી કે મે કોઈ આરોપીને ઓળખી બતાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં પણ કોઈ વ્યક્તિનુ નામ લખાવેલ નથી".

**૧૧.** સદર કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા સાહેદ સોનલબેન કશ્યભાઈ અંટાળાનાઓને આંક–૮ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે, હાલના અકસ્માતમાં મરણ જનાર

કશ્યપ તેમના પતિ થતા હતા. હાલનો બનાવ તા.૨૧.૨.૨૫ ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેઓના સસરા તેમના ઘરે હતા ત્યારે તેઓના મિત્ર ચંદુભાઇ ભંડેરીનો તેમના ફોનમાં ફોન આવેલો અને તેઓને વાત કરેલ કે તમારા દિકરા કશ્યપનું ધોરાજી જેતપુર રોડ, રાધે મોટર ગેરેજ પાસે અકસ્માત થયેલ છે અને તમે જલદી આવી જાવ. જેથી તેઓના સસરા તુરંત જ ધોરાજી જેતપુર રોડ ઉપર આવેલ રાધે મોટર ખાતે ગયેલા ત્યાં તેઓને જાણવા મળેલ કે તેમના પતિ કશ્યપને તેલી હોસ્પિટલ ધોરાજી ખાતે લઇ ગયેલા છે જેથી તેઓ ધોરાજી તૈલી હોસ્પિટલ ખાતે ગયેલ ત્યારે તેમના પતિ દાખલ હતા અને બેભાન અવસ્થામાં હતા અને તેની સારવાર ચાલુ હતી ત્યાં હોસ્પિટલે તેઓના જાણવા મળેલ કે તેમના પતિ મેસ્ટ્રો મોટરસાયકલ નં.૦૫૯૬ વાળુ લઇ ધોરાજી આવકાર ચોકડીથી તેમના ઘરે આવતા હતો ત્યારે ધોરાજી સરદાર ચોક, રાધે મોટર પાસે કોઇ મોટરસાયકલ સાથે તેનો અકસ્માત થતા હાલનો બનાવ બનેલો. બાદ થોડી વારમાં ફરજ પરના ડોકટરે તેમના પતિનુ અવસાન થયેલ હોવાનુ જાહેર કરેલુ. જેથી તેઓ તેમના પતિની મૃત બોડી સંભાળેલી અને પી.એમ. કરવા ધોરાજી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી બાદ તેમના ઘરે જઇ અંતિમ સંસ્કાર કરેલા. બાદ બીજા દિવેસ તેઓએ બનાવ સંબધે તેમના સસરાએ ફરિયાદ આપેલી. પોલીસે તેમની પુછપરછ કરેલી. આથી વિશેષ તેઓ કંઇ જાણતા નથી. તેમના પતિના સ્કુટર સાથે કયા વાહનનો અકસ્માત થયેલો, તેના નંબર શું હતા કે તેના ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી. આજદિન સુધી તેઓને તેનો ચાલક કોઇ હતો તે જાણવા મળેલ નથી. આજરોજ કોર્ટમાં હાજર આરોપીને તેઓ ઓળખતા નથી કે આ અગાઉ તેઓએ કયારેય તેઓને જોયેલ નથી. તેમને યાદ કરાવવા છતાં કોઇ વિશેષ હકીકત યાદ આવતી નથી. તેઓએ આથી વિશેષ કોઇ હકીકત પોલીસને

લખાવેલ નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરતા ફરિયાદ હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીના વિ.વ.શ્રીએ સાહેદની કરેલ ઉલટતપાસમાં સાહેદએ હકીકતો જણાવે છે કે, " એ વાત ખરી છે કે મારે આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે, કહેવાતો અકસ્માતનો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં કોઈ વાહનનુ નામ, તેનો નંબર કે તેના ચાલકનુ નામ લખાવેલ નથી કે આજદિન સુધી મને જાણવા મળેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ તેથી વિશેષ કોઇ હકીકત મે પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માતના બનાવ સબંધે પોલીસે મારી કોઇ આઇડેન્ટીફીકેશન પરેડ કરાવેલ નથી કે મે કોઇ આરોપીને ઓળખી બતાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં પણ કોઇ વ્યક્તિનુ નામ લખાવેલ નથી".

**૧૨.** સદર કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા સાહેદ શોભનાબેન અરવિંદભાઇ અંટાળા નાઓને આંક-૯ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાવ તા.૨૧.૨.૨૫ ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેમના પતિ ઘરે હતા ત્યારે તેમના મિત્ર ચંદુભાઇ ભંડેરીનો તેમના ફોનમાં ફોન આવેલો અને તેઓને વાત કરેલ કે તમારા દિકરા કશ્યપનું ધોરાજી જેતપુર રોડ, રાધે મોટર ગેરેજ પાસે અકસ્માત થયેલ છે અને તમે જલદી આવી જાવ. જેથી તેઓ તુરંત જ ધોરાજી જેતપુર રોડ ઉપર આવેલ રાધે મોટર ખાતે ગયેલા ત્યાં તેઓને જાણવા મળેલ કે તેમના દિકરા કશ્યપને તેલી હોસ્પિટલ ધોરાજી

ખાતે લઈ ગયેલા છે જેથી તેઓ ધોરાજીતૈલી હોસ્પિટલ ખાતે ગયેલ ત્યારે તેમનો દિકરો દાખલ હતો અને બેભાન અવસ્થામાં હતો અને તેની સારવાર ચાલુ હતી ત્યાં હોસ્પિટલે તેઓને જાણવા મળેલ કે તેમનો દિકરો મેસ્ટ્રો મોટરસાયકલ નં.૦૫૯૬ વાળુ લઇ ધોરાજી આવકરા ચોકડીથી તેમના ઘરે આવતો હતો ત્યારે ધોરાજી સરદાર ચોક, રાધે મોટર પાસે કોઇ મોટરસાયકલ સાથે તેનો અકસ્માત થતા હાલનો બનાવ બનેલો. બાદ થોડી વારમાં ફરજ પરના ડોકટરે તેમના દિકરાનુ અવસાન થયેલ હોવાનુ જાહેર કરેલુ. જેથી તેઓ તેમના દિકરાની મૃત બોડી સંભાળેલી અને પી.એમ. કરવા ધોરાજી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી બાદ તેમના ઘરે જઇ અંતિમ સંસ્કાર કરેલા. બાદ બીજા દિવેસ તેઓએ બનાવ સંબધે મારા ધણીએ ફરિયાદ આપેલી. તેમના દિકરાના સ્કુટર સાથે કયા વાહનનો અકસ્માત થયેલો, તેના નંબર શું હતા કે તેના ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી. તેઓએ ફરિયાદ આપ્યા બાદ પણ આજદિન સુધી તેઓને તેનો ચાલક કોઇ હતો તેની ખબર નથી. તેઓએ ફરિયાદ આપ્યા બાદ પણ આજદિન સુધી તેમને તેનો ચાલક કોણ હતા તે તેઓને જાણવા મળેલ નથી. આજરોજ કોર્ટમાં હાજર આરોપીને તેઓ ઓળખતા નથી કે આ અગાઉ તેઓએ કયારેય તેઓને જોયેલ નથી. તેમને યાદ કરાવવા છતાં કોઇ વિશેષ હકીકત યાદ આવતી નથી. બનાવ સબંધે પોલીસે તેમની કોઇ વિશેષ પુછપરછ કરેલ નથી કે તેઓએ આથી વિશેષ કોઇ હકીકત પોલીસને લખાવેલ નથી.સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરતા ફરિયાદ હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીના વિ.વ.શ્રીએ સાહેદની કરેલ ઉલટતપાસમાં સાહેદએ હકીકતો જણાવે છે કે, " એ વાત ખરી છે કે મારે આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ

છે. એ વાત ખરી છે કે, કહેવાતો અકસ્માતનો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં કોઇ વાહનનુ નામ, તેનો નંબર કે તેના ચાલકનુ નામ લખાવેલ નથી કે આજદિન સુધી મને જાણવા મળેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ તેથી વિશેષ કોઇ હકીકત મે પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માતના બનાવ સબંધે પોલીસે મારી કોઇ આઇડેન્ટીફીકેશન પરેડ કરાવેલ નથી કે મે કોઇ આરોપીને ઓળખી બતાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં પણ કોઇ વ્યક્તિનુ નામ લખાવેલ નથી".

**૧૩.** વધુમાં, હાલના કામે ફરીયાદપક્ષે અનુક્રમે આંક–૧૦ થી પંચનામુ, આંક–૧૧ થી ઇન્કવેસ્ટ પંચનામુ, આંક–૧૨ થી પી.એમ.નોટ, આંક–૧૩ થી સ્થળ પરિક્ષણ અહેવાલ, આંક–૧૪,૧૫ થી એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ, આંક–૧૬ થી પત્ર, આંક–૧૭ થી પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનો લેટર રજુ રાખેલ છે. સદર દસ્તાવેજી પુરાવાઓને બચાવ પક્ષે આંકે પાડવા સામે વાંધો ન લેતાં આંકે પાડવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષના ફરીયાદીના પુરાવાની ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ સબળ માનવા લાયક પુરાવો તેમાંથી મળી શકતો નથી તેવા સંજોગોમાં આરોપીઓએ જ ગુનો કરેલાનું, બીજા સ્પષ્ટ પુરાવાના અભાવે સદર દસ્તાવેજો, ફરીયાદપક્ષને આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે મદદરૂપ થઈ શકે તેમ નથી.

**૧૪.** હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમના આક્ષેપિત કથનો મુજબની હકીકતોને ધ્યાને લેતા, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ–૧૦૪ મુજબ ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી વિરૂધ્ધના ટ્રાયલની શરૂઆત આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવાની હોય છે. સિવાય કે, ફરિયાદપક્ષ

દ્વારા આરોપી વિરૂધ્ધનુ તહોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામા આવે. આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે, તેમા "**Raj Kumar Singh v. State of Rajasthan" AIR** 2013 **SUPREME COURT** 3150 ના કેસમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"17. Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that 'may be proved' and 'will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason, that the mental distance between 'may be' and 'must be' is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof."

**૧૫.** આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કાયદાના સિધ્ધાંતને ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે. તેમા, નામદાર સર્વોચ્ચ અદાલતને તેમના નીચેના ચુકાદામાં "**Sohan v. State of Haryana, AIR** 2001 **(SC)** 1380" એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"21. An accused is presumed to be innocent until he

is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."

આમ, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૧૦૪ મુજબ ફરિયાદપક્ષને કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનુ નકારાત્મક બોજો નાખી શકાય નહી.

**૧૬.** આમ, હાલનો ગુન્હો પુરવાર થવા આગળ ચર્ચા કર્યા મુજબ બનાવવાળુ વાહન તેના ચાલકે જાહેર રસ્તા ઉપર બેફામ અને બેદરકારીભરી રીતે માનવ જીંદગીને હાની થાય તે રીતે ચલાવી નીકળેલાનું તેમજ અકસ્માતનો ગુન્હો પુરવાર થવા સબબ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૮૧ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જેમાં કોઈ વ્યક્તિ, માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યક્તિની વ્યથા અથવા હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર વાહન ચલાવે.... આમ, સદર જોગવાઈ ધ્યાને લેતા અકસ્માતનો ગુન્હો પુરવાર થવા અકસ્માત કરનાર વાહન તેના ચાલકે માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા વ્યક્તિને વ્યથા કે હાની થાય તેવી રીતે બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવાના તત્ત્વો પુરવાર થવા જરૂરી છે.

**૧૭.** ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતા ફરિયાદપક્ષે જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે આધારે આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમા, પક્ષકારો તરફે આંક–૪,૫ થી પુરશીસો રજુ કરવા પરવાનગી માંગતી અરજી રજુ કરેલ છે અને ફરિયાદપક્ષે આંક–૧૯ થી પુરાવો પુરો થયાની પુરશીસ રજુ રાખેલ છે જે જોતા ફરિયાદી અને આરોપી વચ્ચે અંદરો અંદર ઘરમેળે વાતચીત થઇ ગયેલ હોય વિશેષ કોઇ સાક્ષીઓ તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદી અને આરોપી વચ્ચે અંદરો અંદર ઘરમેળે વાતચીત થઇ ગયેલ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી, સદર કામે તપાસેલ ફરિયાદી સાહેદની જુબાની પરથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતુ ન હોય. ફરીયાદી તથા સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ નીવડતી નથી. આમ આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, ફરીયાદપક્ષને સમર્થન મળે અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષે સદર કામે રજુ થયેલો નથી. જેથી, આરોપીઓને પુરાવાના અભાવે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે જેથી, મુદ્દા નં.૧ નો નિર્ણય "**નકારમાં**" આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // <u>આ ખ રી હુ ક મ</u> //

૧. આ કામના આરોપી નૈમીષભાઇ કરમશીભાઇ દોંગા, રહે.શ્રીજીકૃપા,સોમનાથ સોસાયટી, જેતપુર રોડ,ધોરાજી,તા.ધોરાજી, જી.રાજકોટ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૦૬(૧),૨૮૧ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખ–૦૨, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–ધોરાજી.
તા.૦૨/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ધોરાજી.**
(જજ કોડ–જીજે૦૧૨૫૮)